# ભારતમાં ગ્રામીણ વિકાસ-વિભાવના અને પ્રક્રિયા

**ડો. અશોક પુરોહિત,**
**રાજ્યશાસ્ત્ર વિભાગ,**
**એમ.એ.પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ,પાલનપુર**

**સારાંશ**

**વિકાસની વિભાવના અને પ્રક્રિયા વધુ વ્યાપક,સંકુલ અને સમય તથા પ્રદેશ સાપેક્ષ હોય છે.કોઇપણ ચિંતન જે તે દેશની ભૌગોલિક,સામાજિક,સાંસ્કૃતિક પરિબળોના પરિનિવેશમાં જન્મતું અને વિકસતું હોય છે. વિકાસ એ લાંબા ગાળાની સતત પાંગરતી પ્રક્રિયા છે.શરૂઆતના ગાળામાં ઔદ્યોગિક વિકાસ, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનો વિકાસ,આર્થિક વિકાસને વિકાસના માનદંડો તરીકે સ્વીકારી દેશોમાં વિકાસની પ્રક્રિયાને મૂલવવામાં આવી.દાયકાઓ બાદ વિકાસનો આ ખ્યાલ એકાંગી લાગ્યો.વિકાસનો ખ્યાલ સમય જતાં સર્વાંગી બનવા લાગ્યો.સર્વ સ્પર્શી,સમતોલ અને નિભાવક્ષમ વિકાસની સંકલ્પના વધુ સ્પષ્ટ થવા લાગી.પર્યાવરણીય સંતુલન જાળવી રાખીને લાંબા ગાળાનો ટકાઉ વિકાસ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો.ભૌતિક વિકાસની સાથે સાથે માનવ વિકાસ પણ થવો જોઇએ તે બાબતનો નિર્વિવાદ પણે વૈશ્વિક સ્તરે સ્વીકાર કરવામાં આવ્યો છે.ભારતમાં ગ્રામીણ વિકાસ પર ભાર આપવાની વિશેષ જરૂર છે.ગ્રામીણ ક્ષેત્રે નાના અને મધ્યમ પ્રકારના ઉદ્યોગોને પ્રોત્સાહન આપી પ્રોડકશન અને મૅન્યૂફૅકચરીંગ પર ભાર આપવાની વિશેષ જરૂર છે.ગ્રામીણ વિકાસ થશે તો જ ભારતનો સાચા અર્થમાં વિકાસ થશે. વિકાસ લંબસૂત્રિય અને ક્ષિતિજ સમસૂત્રિય બંને દિશામાં પ્રસરવો જોઇએ.પ્રસ્તુત સંશોધન પત્રમાં ઉપલબ્ધ સાહિત્યનો અભ્યાસ,અવલોકન અને મૌલિક ચિંતન દ્વારા વિકાસના ખ્યાલને વિસ્તૃત સ્વરૂપે સમજાવવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે.**

**ચાવીરૂપ શબ્દો : વિકાસ,ગ્રામીણ વિકાસ,આર્થિક વિકાસ**

## ૧. પ્રસ્તાવના

**વિકાસએ નિરંતર ચાલતી એક બહુઆયામી અને જટીલ પ્રક્રિયા છે.સર્વ સ્પર્શી,સર્વગ્રાહી,સમતોલ અને અક્ષય વિકાસએ કોઇપણ રાષ્ટ્રની ઝંખના અને અગ્રિમતા હોય છે.તાત્કાલિક જરૂરીયાતોને પૂર્ણ કરવા માટે ટૂંકા ગાળાનો વિકાસ નહીં પરંતુ ટકાઉ અને કાયમી વિકાસ,ભાવિ પેઢીનો વિચાર કરીને તેમજ કુદરતી સંપતિ અને પર્યાવરણનું જતન અને સંતુલન જાળવીને વૃધ્ધિ અને વિકાસ કરવાની ચર્ચા છેલ્લા દશકાથી વૈશ્વિક સ્તરે કેન્દ્ર સ્થાને રહી છે.માત્ર વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનો વિકાસ કે માત્ર આર્થિક વિકાસ નહીં પરંતુ પર્યાવરણીય સંતુલન જાળવી રાખીને સાથોસાથ માનવ વિકાસ પણ થવો જોઇએ તેવી વિકાસની સંકલ્પનાનો વૈશ્વિક સ્તરે સર્વસંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો છે.ભારતમાં ગ્રામીણ વિકાસની સંકલ્પનાને સમજતાં પહેલા વિકાસના ખ્યાલની બૃહદ ચર્ચા કરવી અત્રે પ્રસ્તુત લેખાશે.**

## ૨. વિકાસ એટલે શું ?

**વિકાસ શબ્દ પ્રયોગ આજે ખૂબ જ પ્રચલિત અને સર્વ સામાન્ય બની ગયો છે.પરંતુ વિકાસની સંકલ્પના અંગે બૌધિકોમાં સર્વ સમંતિ જોવા મળતી નથી.સામાન્ય રીતે વિકાસનો ખ્યાલ અત્યારે સાપેક્ષ તુલનાના સંદર્ભમાં જોવા મળે છે.પશ્ચિમના દેશો વિકસિત દેશો છે અને તેની સરખામણીમાં પૂર્વના દેશો વિકાસશીલ છે તેવું માનવામાં આવે છે.વિકાસના સંદર્ભમાં પૂર્વ અને પશ્ચિમના દેશોની તુલના કરવામાં આવે છે.આપણા દેશની વાત કરીએતો પણ ગુજરાત,મહારાષ્ટ્ર,કર્ણાટક જેવા રાજ્યોને બીજા રાજ્યોની સરખામણીમાં વધુ વિકસિત માનવામાં આવે છે.આથી કહી શકાય કે વિકાસએ સાપેક્ષ તુલનાત્મક ખ્યાલ છે.**

વિકાસ અંગે જુદા જુદા વિદ્વાનોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે.સામાન્ય રીતે વિકાસ એટલે મનુષ્ય જીવનની ગુણવત્તામાં દેખીતો નોંધપાત્ર સુધારો થવો તેને વિકાસ માનવામાં આવે છે.અત્રે ઉલ્લેખ કરવો ઘટે કે એક તબક્કા માંથી બીજા તબક્કામાં જવું તે વિકાસ છે,જયારે એક જ તબક્કામાં આગળ વધવું તે વૃદિધ છે.આથી કોઇ પણ દેશમાં વૃદિધ અને વિકાસ બંને સાથે થવા જોઇએ.કોઇ પણ સમાજ વિકાસને નકારી શકતો નથી.વિકાસ અને પરિવર્તનએ સમયની માંગ અને તકાજો છે.બાહય વાતાવરણ સાથે અનુકૂલન સાધીને આગળ વધવું તે વિકાસ છે.જે રાજકીય પ્રથા બદલાતા જતાં સ્થિતિ સંજોગો સાથે અનુકૂલન સાધી શકતી નથી તે રાજકીય પ્રથા નાશ પામે છે.ભદવદ્ ગીતામાં પણ કહયું છે પરિવર્તન એ સંસારનો નિયમ છે અને જે પરિવર્તન પામતું નથી તે નાશ પામે છે.આથી કહી શકાય કે વિકાસ એ કોઇ પણ સમાજ માટે અનિવાર્ય પરિબળ છે.

## ૩. વિકાસ અંગે પ્રવર્તતા વિવિધ દ્રષ્ટિકોણો

પશ્ચિમના દેશોમાં વિકાસ એટલે ભૌતિક વિકાસ.વિકાસ એટલે સાધન સંપન્નતા.વિકાસ એટલે લોકોના સુખ સગવડનાં સાધનોમાં વૃદિધ એવું માનવામાં આવ્યું.લોકોને રહેવા માટે સરસ મજાનો આધુનિક સગવડો અને ફર્નિચર વાળો આલિશાન બંગલો હોય,મોંઘીદાટ મર્સિડિઝ,ઓડી જેવી કાર હોય,ઘરમાં નોકર ચાકર કામ કરતા હોય તેમજ સુટ-બૂટ પહેરીને પંચ તારક હોટલોમાં ફરતા લોકોનો સમાજ એટલે વિકસિત સમાજ તેવું માનવામાં આવ્યું.પરિણામ એ આવ્યું કે તેના કારણે પશ્ચિમના દેશોમાં ઉપભોકતા વાદી સંસ્કૃતિનો જન્મ થયો.કોઇ પણ પ્રકારની સામાજિક જવાબદારી વિના માત્ર ખાઇપીને જલસા કરોની માનસિકતા શરૂ થઇ.અમેરિકા જેવા પશ્ચિમી દેશોમાં ઉપભોગના અતિરેકથી લોકોને ઉબ આવવા લાગી.ભૌતિક સુખો પાછળની આંધળી દોટથી લોકોમાં માનસિક તનાવનું પ્રમાણ વદયું.માનસિક રોગોનું પ્રમાણ વદયું.માનસિક રોગોની હોસ્પીટલ્સમાં નોંધ પાત્ર વધારો થયો.કેટલાક લોકો ભોગ ત્યજીને યોગ માટે ભારત તરફ મીટ માડવા લાગ્યા છે.આથી વિકાસ અંગેની પશ્ચિમી સંકલ્પનાને સ્વીકારી શકાય તેમ નથી.તે વિકાસ અંગેનો સર્વાંગી નહિ પરંતુ એકાંગી ખ્યાલ છે.

વિકાસ અંગે એક દ્રષ્ટિકોણ એવો પણ રહયો છે કે વિકાસ એટલે આર્થિક વિકાસ અને આર્થિક વૃદિધ થશે તો જ આપોઆપ બધા જ પ્રકારનો વિકાસ થઇ જશે.પરંતુ પાછળથી ખ્યાલ આવ્યો કે માત્ર આર્થિક વિકાસ થાય તે પૂરતું નથી.સમાજમાં ઉત્પાદન અને સેવાઓનું ન્યાયી વિતરણ થવું જોઇએ.તે પણ એટલું જ મહત્વનું છે.આપણા ભૂતપૂર્વ પ્રધાનમંત્રી માનનીય ડો.મનમોહન સિંહે એકવાર જાહેરમાં કહયું હતું કે ભારતમાં આર્થિક વિકાસને માનવીય ચહેરો હોવો જોઇએ(Economic Development with human face).પરંતુ સ્પષ્ટ છે કે ડો.મનમોહન સિંહ જેવા અર્થશાસ્ત્રી પણ ભારતમાં આર્થિક વિકાસનું સમતોલ અને ન્યાયી વિતરણ કરી શકયા નથી તે અફસોસ પણ વાસ્તવિકતા છે.ધારોકે કોઇ વર્ષે ભારતમાં અનાજનું સૌથી વધુ ઉત્પાદન થયું છે તો તેમ માની લેવાની જરૂર નથી કે તે વર્ષે દરેક ભારતીયનો પેટનો ખાડો પૂરાઇ ગયો હશે.અનાજનું મહતમ ઉત્પાદન થાય તો પણ ઘણા લોકો ભૂખ્યા રહેશે.ઉત્પાદનનું ન્યાયી વિતરણ થાય તેવી વ્યવસ્થાની ગોઠવણી મહત્વની બાબત બની રહે છે (Economic development with distributive justice).આથી ન્યાયી વિતરણ સાથેનો આર્થિક વિકાસ થવો જોઇએ તેમ સ્વીકારવામાં આવ્યું છે.ઉત્પાદન અને સેવાઓનું છેવાડાના માનવી સુધી પ્રસરણ થવું જોઇએ.

સમાજમાં ઉત્પાદન અને સેવાઓનું ન્યાયી વિતરણ કરવામાં રાજકારણની ભૂમિકા મહત્વની બની રહે છે.રાજકારણનું કામ સમાજમાં ઉત્પાદનના સાધનો,મૂલ્યો,સેવાઓ વગેરેનું સમાન રીતે બધાને સરખે હિસ્સે વિતરણ કરવાનું છે.ભારત દેશ અત્યારે વિતરણની કટોકટીનો સામનો કરી રહયું છે.આના કારણે જ નકસલવાદ જેવી પ્રવૃતિએ માઝા મૂકી છે અને ઉતર પૂર્વીય રાજયો સાપેક્ષ વંચિતતાની લાગણીથી પીડાઇ રહયા છે.ડેવિડ ઈસ્ટને સાચું જ કહયું છે-“રાજકારણ એટલે મૂલ્યોની બંધનકર્તા ફાળવણી”

એક વર્ગ એવું પણ માને છે કે પ્રાથમિક કક્ષાના સમાજ માંથી નિકળીને ઔધોગિક સમાજની સ્થાપના એટલે વિકાસ.કૃષિ,ગૃહઉધોગો વગેરે છોડીને આધુનિક યંત્રો દ્વારા મોટા ઉધોગોની સ્થાપના કરવી એટલે વિકાસ.આમ છતાં ઘણા ઔધોગિક સમાજો પણ ઘણી બધી બાબતોમાં પછાત રહેવા પામ્યા છે તે વાસ્તવિકતા છે.સમાજમાં મોટા ઉધોગો સ્થાપવાથી બધા લોકોને ઉધોગોનો લાભ મળી જશે અને બધાને સમાન હિસ્સે સમાન વિતરણ થશે તેવું માનવું તે અતિશયોકિત ભર્યુ છે.

એક ખ્યાલ એવો પણ પ્રચલિત છે કે વિકાસ એટલે આધુનિકીકરણ.અને આધુનિકીકરણ એટલે પશ્ચિમીકરણ.પશ્ચિમી શૈલી અપનાવો તો જ તમે વિકસિત સમાજ તેવું માનવું તે પશ્ચિમી ખ્યાલ છે.તેમજ સાંસ્કૃતિક ખ્યાલ બની જાય છે.આધુનિકતાનો ખ્યાલ પણ આપણા સમાજોમાં ઘણો સંકુચિત જોવા મળે છે.જીન્સ,બરમૂડા કે ટૂંકા વસ્ત્રો પરિધાન કરવા એટલે આધુનિકતા તેમ માનવું કેટલા અંશે વાજબી છે ?આધુનિકતા એ વૈચારિક ખ્યાલ છે.આધુનિક સમાજમાં આપણું માનસ વધુ આધુનિક બનવું જોઇએ.લોક માનસ વધુ સેકયુલર બનવું જોઇએ.ભારતમાં નિરક્ષરતા એ પછાતપણા માટે સૌથી મોટું જવાબદાર પરિબળ છે.નિરક્ષરતાના કારણે વહેમ,અંધ શ્રધ્ધા,રૂઢિઓ,રિવાજોનો પ્રભાવ લોકો પર વિશેષ જોવા મળે છે.

## ૪. ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

ઐતિહાસિક દ્રષ્ટિએ જોઇએતો વર્તમાન સંદર્ભમાં વપરાતા વિકાસના ખ્યાલનો ઉદ્ભવ દ્વિતિય વિશ્વ યુદધ પછી થયો છે.બીજા વિશ્વ બાદ આકાર પામેલી વિશ્વ વ્યવસ્થામાં વિકાસના ખ્યાલ અને પ્રકિયાને આગળ ધપાવવાનો પ્રયત્ન થયો.અવિકસિત,અલ્પ વિકસિત કે વિકાસશીલ અર્થતંત્રો અને સમાજોનું ઔધોગિક અને આધુનિક અર્થતંત્રોમાં રૂપાંતરણ કરવાની પશ્ચિમના દેશોની મથામણથી વિકાસની પ્રકિયાને વેગ મળ્યો.પશ્ચિમી જ્ઞાન તથા પશ્ચિમી વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી આધારિત વિકાસના ખ્યાલને પ્રભાવિત કરવાનો મરણિયો પ્રયાસ તત્કાલીન વિશ્વ મહાસતાઓ અમેરિકા અને સોવિયેત રશિયા દ્વારા કરવામાં આવ્યો.અમેરિકાએ બજાર આધારિત મુકત અર્થતંત્ર અને સોવિયેત રશિયાએ સામ્યવાદી અર્થતંત્ર દ્વારા આર્થિક વિકાસ કરવાની વિશ્વના અને ખાસ કરીને ત્રીજા વિશ્વના દેશોને અપીલ કરી તેમના વિકાસના મોડેલ્સ અનુસરવાનો દ્દઢાગ્રહ કર્યો. વણથંભી વિકાસયાત્રાને આગળ ધપાવવા કુદરતી સંશાધનો પર આકમણ અને અતિક્રમણ કરી શકય હોય તેટલા અંશે દોહન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ઔધોગિક વિકાસ,ટૅક્નૉલૉજીનો વિકાસ,માથાદીઠ આવક,સકલ ઘરેલુ ઉત્પાદન જેવા પશ્ચીમી માનદંડો દ્વારા વિકાસની પ્રકિયાને માપવાનો પ્રયાસ થયો.વિકાસની દિશામાં હરણફાળ ભરવાની વિશ્વના દેશોની ઘેલછાના અંતે આટલા દાયકાઓના અંતે પરિણામ શું પ્રાપ્ત થયું તે પણ ગંભીર ચર્ચા અને ચિંતન માંગીલે તેવો પ્રશ્ન છે.

વિકાસ સાધવાના આટલા દાયકાઓના અથાક પ્રયત્નના પરિણામ સ્વરૂપ ગરીબી, બેરોજગારી, અસલામતી, તણાવ, ગુનાખોરી, આતંકવાદ, નકસલવાદ જેવી સમસ્યાઓએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ. સમગ્ર વિશ્વમાં પર્યાવરણની ગંભીર સમસ્યાઓ ઉભી થઇ.વિકાસના બદલામાં ગ્લોબલ વોર્મિંગ અને કલાઇમેટ ચેન્જ જેવી ગંભીર પર્યાવણીય સમસ્યાઓની ભેટ વિશ્વને બક્ષીસ સ્વરૂપે મળી.પશ્ચિમી જ્ઞાન,પશ્ચિમી વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી તથા પશ્ચિમી વિકાસના મોડલ્સે ત્રીજા વિશ્ના દેશોમાં સમતોલ અને સર્વગ્રાહી વિકાસ થવાના બદલે અનેક પ્રકારની વિષમતાઓ ,વિસંગતતાઓ અને વિટંબણાઓને જન્મ આપ્યો.વિકાસના આ સંકુચિત ખ્યાલે સમાજને એકસૂત્રતાના તાંતણે બાંધવાના બદલે ઔધોગિક અને કૃષિ,શહેરી અને ગ્રામીણ,અમીર અને તવંગર જેવા વર્ગો અને વિભાગોમાં વિભાજિત કર્યો.પરિણામ સ્વરૂપ દેશો, પ્રદેશો અને લોકો સાપેક્ષ વંચિતતાની લાગણીથી પીડાવા લાગ્યા. આથી વિકાસની સંકલ્પનાની સમીક્ષા કરી તેને પુનઃવ્યાખ્યાયિત કરવાની નોબત વિશ્વ સમક્ષ આવી પડી.

Vol. 2, Issue: 9, Oct.-Nov. 2014 (IJRSML) ISSN: 2321 - 2853

## ૫. વિકાસના વર્તમાન પ્રવાહો

**વિકાસની વર્તમાન વિભાવનામાં માનવ વિકાસ અને પર્યાવરણ જાળવણીના મુદ્દા કેન્દ્રગામી બન્યા છે.વિકાસ એટલે માત્ર વિજ્ઞાન અને ટૅકનૉલૉજીનો વિકાસ નહિ,માત્ર આર્થિક વિકાસ નહિ પરંતુ તેની સાથોસાથ માનવ વિકાસ પણ થવો જોઇએ તેમજ પર્યાવરણનું દોહન નહિ પરંતુ જતન થવું જોઇએ તે બાબતનો વૈશ્વિક સ્તરે સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે.દેશમાં સાયબર રીવોલ્યૂશન તેની ચરમ સીમાએ પહોચ્યું હોય,અવકાશ સંશોધન ક્ષેત્રે હરણફાળ ભરી અનેક ઉપગ્રહો અવકાશમાં તરતા મૂકયા હોય પરંતુ દેશની બધી પ્રજાને બે ટંક પેટ ભરીને રોટલો ન મળતો હોય,સ્વચ્છ પીવાનું પાણી ન મળતું હોય કે પ્રાથમિક આરોગ્ય કે પ્રાથમિક શિક્ષણ ન મળતું હોય,સમાજનો મોટો વર્ગ વિકાસના લાભથી વંચિત હોય,સાપેક્ષ વંચિતતાની લાગણીથી પીડાતો હોય તો તેને વિકાસ કહેવાય કે કેમ તે યક્ષ પ્રશ્ન છે.આવા પ્રકારના વિકાસને કારણે ફાયદો નહિ પણ જે તે રાજકીય પ્રથા સમક્ષ એકીકરણ અને લોકસ્વીકૃતિની ગંભીર પ્રકારની કટોકટી સર્જાતી હોય છે.જે બાબત રાજકીય પ્રથા માટે ખતરારૂપ છે.**

## ૬. સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ(U.N.D.P.)




**Table 1: Human Development Index and its components**

| HDI rank | Human Development Index (HDI) Value 2013 |
|---|---|
| 1. Norway | 0.944 |
| 135. India | 0.586 |
| 187. Niger | 0.337 |

**સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમના તાજેતરના અહેવાલ (૨૦૧૪) પ્રમાણે માનવ વિકાસની દ્રષ્ટિએ નોર્વે દેશ સૌથી પ્રથમ ક્રમે રહયો છે.જયારે ભારતનો ક્રમ માનવ વિકાસની બાબતમાં ૧૩૫ છે.ભારત વિશ્વના દેશોની તુલનાએ માનવ વિકાસની બાબતમાં ઘણો પાછળ છે તે સત્યનો સ્વીકાર કરવો રહયો. યુ.એન.ડી.પી.ના ૨૦૧૩ના અહેવાલમાં ભારતનો ક્રમ ૧૩૬ હતો.ભારત એક વર્ષમાં માત્ર એક ક્રમ આગળ વદયો છે.ગોકળ ગાયની ગતિએ માનવ વિકાસ તરફનું પ્રયાણ ભારે ચિંતા ઉપજાવે તેવું છે. ભારત દેશે સહિયારા પુરુષાર્થ થકી ગરીબી, બેરોજગારી, કુપોષણ, બાળમૃત્યુદર, પ્રસૂતિ દરમિયાન માતા મૃત્યુદર, સ્વચ્છતા, આરોગ્ય અને શિક્ષણની દિશામાં મકકમ અને ઝડપી ગતિએ આગળ વધવાની તાતી જરૂરીયાત છે.**

## ૭. વિકાસશીલ દેશોના મુખ્ય પ્રશ્નો

**વિકાસશીલ દેશો કેટલાક ગંભીર પડકારોનો સામનો કરી રહયા છે.જેનો સત્વરે ઉકેલ લાવવો જ રહયો.**

## ૮. રાજકીય સ્તરે સમસ્યા

*** રાજકીય ભ્રષ્ટાચાર**
*** રાજકારણનું અપરાધીકરણ**
*** રાજકીય ઈચ્છા શકિતનો અભાવ**

૯. આર્થિક સ્તરે સમસ્યા

- આર્થિક આવકની અસમાનતા
- સંપતિનું કેન્દ્રીકરણ
- ગરીબી અને બેરોજગારીનું વધુ પ્રમાણ
- અસહય મોંઘવારી, ફુગાવો, રાજકોષીય ખાધ
- કાળું નાણું, કર ચોરી

૧૦. સામાજિક સ્તરે સમસ્યા

- કુપોષણ,રોગો,આરોગ્ય પ્રત્યે અસભાનતા,ગંદકી,જાહેરમાં શૌચ ક્રિયા
- ઘન કચરાનો નિકાલ,બાયો મેડિકલ વેસ્ટ
- નિરક્ષરતા,અંધ શ્રધ્ધા,વહેમ,ગુનાખોરી,વ્યસન જેવા સામાજિક દૂષણો
- સ્વચ્છ હવા ઉજાસવાળા રહેઠાણ અને ઘર વિહોણા લોકોનો પ્રશ્ન
- સદ્ભાવના, સામાજિક સમરસતા અને સામાજિક સમાનતાનો અભાવ
- પુરુષ પ્રધાન માનસિકતા અને સ્ત્રીઓનો ઉતરતો દરજ્જો
- વૈજ્ઞાનિક અભિગમનો અભાવ અને આધુનિક ટજ્ક્નાજ્લૉજી અંગે પછાતપણું

આથી કહી શકાયકે વિકાસશીલ દેશો સમક્ષ રાજકીય,સામાજિક,આર્થિક એમ અનેક પ્રકારની સમસ્યાઓ પડકારરૂપ છે.

૧૧. વિકાસના ભાવિ લક્ષ્યાંકો

વિશ્વના દેશો સમક્ષ માનવ વિકાસની દિશામાં લાંબા ગાળાના લક્ષ્યાંકો યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા આ પ્રમાણે નિર્ધારીત થયા છે.ભારત દેશે પણ આ દિશામાં કમર કસવી રહી.

મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ [૮]
(Millennium Development Goals)

૧.દારૂણ ગરીબી અને ભૂખમરો દૂર કરવા.
૨.સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરવું.
૩.લૈગિંક સમાનતા અને સ્ત્રી સશકિતકરણને બઢતી આપવી.
૪.બાળમૃત્યુ દરનું પ્રમાણ ઘટાડવું.
૫.માનસિક સ્વાસ્થ્ય સુધારવું.
૬.એચ.આઇ.વી./એઇડસ્,મેલેરિયા અને અન્ય રોગોને નાથવા.
૭.પર્યાવરણનું જતન કરવું.
૮.વિકાસ માટે વૈશ્વિક ભાગીદારી વિકસાવવી.

૧૨. ભારતમાં ગ્રામીણ વિકાસ

ભારતીય સંસ્કૃતિને ઋષિ અને કૃષિ સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે.ભારતમાં તાજેતરમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા દતક ગામ યોજના અમલમાં મૂકીને ગ્રામીણ વિકાસની દિશામાં સરાહનીય કદમ ઉઠાવવામાં આવ્યું છે.દેશના તમામ સાંસદો દ્વારા પોતાના મતક્ષેત્રમાંથી એક અવિકસિત ગામ પસંદ કરીને તેને આદર્શ ગામ બનાવવાની જવાબદારી દરેક સાંસદશ્રી ને સોંપવામાં આવી છે.અત્રે ઉલ્લેખ કરવો ઘટે કે ગ્રામીણ વિકાસ કરવાની જવાબદારી માત્ર સાંસદોની નથી.દેશના પ્રત્યેક નાગરિકની નૈતિક ફરજ બની રહે છે કે ભારતની વણથંભી વિકાસ યાત્રામાં પોતાનું યથા શકિત યોગદાન આપે.ભારત દેશ ગામડાંઓનો બનેલો છે.આથી દરેક ગામનો વિકાસ થાય તો જ

રાષ્ટ્રનો વિકાસ થાય તે નક્કર વાસ્તવિકતા છે.ગામડાંને ફરીથી બેઠુ કરવાની તાતી જરૂરીયાત છે.ભારતમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ગામડું સ્વાવલંબી બનવાને બદલે ગામ થી શહેર તરફ આંધળી દોટ શરૂ થઇ છે.શહેરીકરણની પ્રક્રિયાએ કેટલાક પેચીદા પ્રશ્નો પેદા કર્યા છે.ગાંધીજીની પ્રજાસતાક ગામની સંકલ્પના સાચા અર્થમાં ચરિતાર્થ થઇ શકી નથી તે પણ કડવું સત્ય છે.

### ૧૩. ગ્રામીણ વિકાસ એટલે શું ?

ગ્રામીણ વિકાસ અંગે પ્રાચીન સમયથી ચિંતન રજૂ થતું રહયું છે.સ્વાતંત્ર્યોતર ભારતમાં પણ સરકાર દ્વારા ગ્રામ વિકાસ માટે જુદી જુદી યોજનાઓના માધ્યમ થકી પ્રયત્નો થતા રહયા છે.કેન્દ્ર,રાજય અને સ્થાનિક સરકારો દ્વારા ગ્રામીણ વિકાસની દિશામાં વત્તાઓછા અંશે પ્રયાસો થયા હોવા છતાં અપેક્ષિત પરિણામ હાંસલ કરી શકાયું નથી,સર્વાંગી ગ્રામ વિકાસને સંતોષકારક વેગ મળ્યો નથી તે પણ નક્કર વાસ્તવિકતા છે.ગ્રામીણ વિકાસલક્ષી યોજનાના અમલ માટે નેતાગીરી અને અધિકારીઓમાં તીવ્ર ઇચ્છાશકિતનો અભાવ,રાજકીય અને વહીવટી ભ્રષ્ટાચાર,લોકોમાં પૂરતી જાણકારી,જાગૃતિ અને પહેલશકિતનો અભાવ જેવા વિવિધ જવાબદાર કારણોને લીધે સર્વાંગી વિકાસની ઈચ્છિત મંજીલ સુધી પહોંચી શકયા નથી.સૌના સહિયારા સાથ દ્વારા સૌનો સર્વાંગી થાય તે સમયની તીવ્ર માંગ છે.મિશન મંગળ જો સફળ થઇ શકતું હોય તો મિશન સ્વચ્છ ભારત,સ્વસ્થ ભારત કે નિર્મળ ભારત કેમ સફળ ના થઇ શકે ? આવશ્યકતા છે પ્રબળ ઇચ્છાશકિત અને પ્રચંડ પુરુષાર્થની.ભારતના ગ્રામીણ વિકાસને સ્પર્શે છે ત્યાં સુધી વિકાસનો બે દિશામાં વિચાર કરી શકાય.(૧)ભૌતિક વિકાસ અને (૨)સામાજિક વિકાસ.

### ૧૪. ભૌતિક વિકાસ

ભૌતિક વિકાસ એટલે ગ્રામીણ સમુદાયની ભૌતિક સુખાકારીમાં વધારો થવો.આંતર માળખાકીય સુવિધાઓનો વિકાસ કરવો જેના થકી ગ્રામ્ય વિસ્તારોનો આર્થિક અને સામાજીક વિકાસ વેગવંતો બને અને લોકોના જીવન ધોરણની ગુણવતામાં સુધારો થાય.ગ્રામ જનોની ભૌતિક સુખાકારીમાં વધારો કરવો.જાહેર રસ્તાઓ,તળાવો,કૂવા,સિંચાઇ યોજનાઓ,સાર્વજનિક ચિકિત્સાલયો,દવાખાના,સાર્વજનિક જાજરૂઓ અને મૂતરડીઓ,જાહેર સ્નાન ઘાટ,ગટરો,દીવાબતી,પ્રાથમિક શાળા,માધ્યમિક શાળા,પંચાયત ઘર,અખાડા,ક્રીડાગણો,બાગબગીચાઓ,પુસ્તકાલયો અને વાંચનાલયો,સ્મશાન ગૃહ,ચેક ડેમ,ખેત તલાવડીઓ,બોરી બંધ,અનાજની વખારો,પશુ દવાખાના,દૂધ ડેરી,સહકારી મંડળીઓ,હસ્ત કલા ઉધોગ,ગૃહ ઉધોગો,નાના અને મધ્યમ પ્રકારના ઉધોગો વગેરેની સ્થાપના કરવી અને વ્યવસ્થિત રીતે કાયમ માટે તેનો નિભાવ કરવો તેને ગામનો ભૌતિક વિકાસ કહી શકાય.

### ૧૫. સામાજિક વિકાસ

**ભૌતિક વિકાસ મહત્વનો હોવા છતાં સાથોસાથ સામાજિક વિકાસ પણ એટલો જ બલ્કે વધુ મહત્વનો છે.બંને પ્રક્રિયાઓ સમયાંતરે,સમાંતરે અને સાતત્યપૂર્ણ રીતે આગળ ધપવી જ જોઇએ.સામાજિક વિકાસનો વિચાર આ પ્રમાણે કરી શકાય.**

### (૧) શિક્ષણ અને સંસ્કાર

શિક્ષણ એ સમાજની આધારશીલા છે.શિક્ષણ એ સમાજરૂપી ઇમારતનો પાયો છે.શિક્ષણના માધ્યમથી ઘણી બધી સામાજિક સમસ્યાઓનો ઉકેલ આવી શકે તેમ છે.ગ્રામીણ સમાજોમાં નિરક્ષરતાની સમસ્યા પડકાર જનક છે.સરકાર દ્વારા શિક્ષણનું સ્તર અને વ્યાપ વધારવા અથાક પ્રયત્નો થાય છે.પ્રાથમિક શિક્ષણને મૂળભૂત અધિકારનો દરજ્જો આપવામાં આવ્યો છે.સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ,ગુણોત્સવ,કન્યા કેળવણી,શિક્ષણ સુધારણા કાર્યક્રમ થાય છે.પરંતુ યક્ષ પ્રશ્ન એ છે કે ગ્રામીણ સમુદાયમાં શિક્ષણ પ્રત્યે સભાનતા કે જાગૃતિ હજુ સુધી આવી નથી ?અમુક શાળાઓમાં તો વિદ્યાર્થીઓની હાજરી બહુ જ પાંખી જણાય છે.બાળકોને શાળાએ મોકલવાના બદલે ખેતમજૂરીએ મોકલવામાં આવે છે.શિક્ષકોએ રજીસ્ટરમાં નામ બોલાવવા પડે અને વાલિઓ માત્ર સ્કોલરશીપ લેવા માટે જ શાળાએ જાય.સરકાર

બળજબરી પૂર્વક સમાજને શિક્ષણ કેવી રીતે આપી શકે ?ગામમાં શાળાનું આધુનિક સુવિધા ધરાવતું સંકુલ હોય,પૂરતો શિક્ષક સ્ટાફ હોય,શૈક્ષણિક સાધનો હોય છતાં ગામ શિક્ષણથી વંચિત રહે ? વિચિત્ર બાબત લાગતી હોવા છતાં કડવી વાસ્તવિકતા છે.શિક્ષણએ સ્વયં જાગૃતિનો વિષય છે.આપણાં ઉપનિષદોમાં એટલે જ કહેવાયું છે કે શિક્ષણ એટલે આત્મજ્ઞાનનું સમાયોજન.

## (૨) સ્વાસ્થ્ય

ભારતીય સમાજમાં જે ચાર પ્રકારના સુખોની કલ્પના કરવામાં આવી છે તેમાં પહેલું સુખ તે જાતે નર્યા માનવામાં આવે છે.તન અને મનની તંદુરસ્તી દ્વારા જ સઘળાં કાર્યો સફળતા પૂર્વક કરી શકાય છે.આઝાદીના આટલા વર્ષો બાદ કુપોષણએ ભારતની શરમજનક સમસ્યા છે.સમાજના અનેક બાળકો અને સ્ત્રીઓ કુપોષણથી પીડાય છે.ખોરાકમાં યોગ્ય પોષક તત્વોના અભાવથી લોકો કુપોષણથી પીડાઇ રહયા છે.ગામના તમામ લોકોને પોષ્ટિક આહાર મળવો જોઇએ.ગામના લોકો તંદુરસ્તી જાળવવા માટે કઠોળ,લીલા પાંદડાં અને રેષા વાળા શાકભાજી,દૂધ જેવો પોષણ યુકત આહાર લે તે આવશ્યક છે.લોકો ખોરાકમાં માત્ર કાર્બોહાઇડ્રેડ અને ચરબી વાળો ખોરાક જ લેતા હોય છે.સમતોલ અને સંપૂર્ણ આહાર માટે કાર્બોહાઇડ્રેડ,ચરબી,વિટામિન્સ,મિનરલ્સ વગેરેનું સપ્રમાણ જળવાવું જોઇએ.કિશોરીઓ અને સ્ત્રીઓમાં લોહતત્વની ખામી વિશેષ જણાય છે.ભારતના ઘણાં રાજયોના ગામડાંઓમાં ફળાઉ ઝાડ જોવા મળતા નથી.આથી ખેતરોમાં અનાજ અને કઠોળની સાથે સાથે ફળાઉ ઝાડ અને લીલા શાકભાજીનું પણ વાવેતર કરવું જોઇએ.બાગાયતી ખેતીને પ્રોત્સાહન આપવું જોઇએ.સરકાર દ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત શાળાના બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવે છે.તપાસ બાદ સરકાર દ્વારા રોગી બાળકોની યોગ્ય તબીબી સારવાર કરવામાં આવે છે.સરકારની આ યોજનાનો મહતમ લાભ લઇ બાળકોને રોગ મુકત કરવા જોઇએ. 'આપણું બાળ, નીરોગી બાળ' સૂત્રને સાર્થક કરવું જોઇએ.

## (3) સ્વચ્છતા

સ્વચ્છતાએ કોઇપણ ગામ માટે પ્રાથમિકતા અને અનિવાર્યતા બની રહે છે.''આપણું ગામ,સ્વચ્છ ગામ'' સૂત્ર સાચા અર્થમાં સાર્થક કરવું જોઇએ.સ્વચ્છતા ત્યાં પ્રભુતા તેમ કહેવામાં આવે છે.ગામના દરેક વ્યકિતએ નિયમિત પણે દરરોજ સ્નાન કરીને પોતાનું શરીર સ્વચ્છ રાખવું જોઇએ.સ્નાન એટલે માત્ર શરીર પર પાણી રેડવું તેમ નહિ પરંતુ શરીર ઉપરના તમામ છિદ્રો સાફ થાય તે રીતે સાબુથી ઘસીને સ્નાન કરવું જોઇએ.દરેક વ્યકિતએ સ્વચ્છ કપડાં પહેરવા જોઇએ.શકય હોય ત્યાં સુધી દરેક વ્યકિત  ખાદીના કપડાં જ પહેરે અને ખાદીના કપડાંનું ગામમાં જ ઉત્પાદન થાય તો સોનામાં સુંગધ ભળે.ગાંધીજી આ બાબતના પ્રખર હિમાયતી હતા.દરેક વ્યકિતએ પોતાનું ઘર સ્વચ્છ રાખવું જોઇએ.દરેક વ્યકિતએ મહોલ્લો,શેરી,ગામ ચોરો વગેરે સ્વચ્છ રાખવા પ્રયત્ન કરવો જોઇએ.ભારત દેશમાં સ્વચ્છતા અંગે લોક માનસ કેળવાયેલું નથી.સ્વચ્છતાએ મનુષ્ય સ્વભાવ બની તેનું ટેવપૂર્વક પાલન થતું નથી.દેશમાં સ્વચ્છતા માટે સરકાર દ્વારા મિશન ચલાવવું પડે અને જનજાગૃતિ માટે અથાક પ્રયત્નો કરવામાં આવે છતાં લોકો ગંદગી કરે,કચરાનો  ગમે ત્યાં નિકાલ કરે અને સરકારે છેવટે દંડાત્મક પગલાં લેવા પડે તે દુ:ખદ ઘટના હોવા છતાં વાસ્તવિકતા છે.સરકાર દ્વારા સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન શરુ કરવામાં આવ્યુ હોવા છતાં જોઇએ તેટલા પ્રમાણમાં લોકસહકાર સાંપડયો નથી.ભારતના ગામડાંઓની મોટી સમસ્યાએ છે કે લોકો શૌચ ક્રિયા જાહેરમાં કરે છે.ગામડાંઓમાં દરેક ઘરે શૌચાલય નથી.અને જો હોય તો પણ તેનો ઉપયોગ કરતા નથી.કુદરતી હાજતે જાહેરમાં કે ખેતરોમાં નહિં પરંતુ ઘરમાં જ શૌચાલય બનાવીને જવું જોઇએ.શૌચાલય પણ એકદમ સ્વચ્છ રાખવું જોઇએ.શૌચાલયની અંદર અને બહાર પાણીના નળ હોવા જોઇએ.શૌચક્રિયા કર્યા પછી હાથ સાબુથી ધોવા જોઇએ.સરકાર દ્વારા નિર્મળ ગામ યોજના અમલમાં છે.જેમાં શૌચાલય બનાવવામાં નાણાંકીય સહાય આપવામાં આવે છે.પ્રસ્તુત યોજનાનો મહતમ લાભ લેવો જોઇએ.ગામમાં દરેક જગ્યાએ વ્યકિતગત તેમજ જાહેર શૌચાલયો બાંધવા જોઇએ.ગામમાં સૌથી વધારે રોગચાળો જાહેરમાં કુદરતી હાજતે જવાથી

થાય છે.કેટલાક ગામોમાં જોવા મળ્યું છે કે પ્રાથમિક શાળાની આજુ બાજુ ઉકરડો હોય અને તેના પર બાળકો શૌચક્રિયા કરતા હોય.આમ કરવાથી રોગ ફેલાય છે.ગંદકીમાં બાળકો નીરોગી કેવી રીતે રહી શકે ?

સ્વચ્છતા એટલે માત્ર શારિરીક સ્વચ્છતા જ નહીં પરંતુ દિલ,મન અને કર્મની સ્વચ્છતા હોવી પણ એટલી જ મહત્વની બાબત છે.પોતાનો વ્યવહાર પણ સ્વચ્છ હોવો જોઇએ.કર્મમાં પ્રામાણિકતા હોવી જોઇએ.

## (૪) સામાજિક ન્યાય

વિકાસના મધમીઠા ફળ માત્ર સમાજનો કોઇ એક સ્થાપિત વર્ગ ચાખે તે કેમ ચાલે ?વિકાસના ફળનો સ્વાદ સમાજના તમામ લોકોને ચાખવા મળવો જોઇએ.વિકસતી જાતિ,આદિજાતિ,અનુસૂચિત જાતિ વગેરે જેવી જાતિઓ,અનાથ,નિરાધાર,બહેરાં-મૂગાં,અંધજનો,વિકલાંગો,વિધવા,ત્યકતા મહિલાઓ,વૃદ્ધો,ભિક્ષુકો વગેરે જેવા સમાજના નબળા વર્ગો તેમજ ખેતમજૂરો,ગ્રામ કારીગરો,છૂટક મજૂરો,સીમાંત ખેડૂતો વગેરે જેવા આર્થિક રીતે પછાત વર્ગો વગેરે તમામને વિકાસનો લાભ મળે,તેમનો ઉત્કર્ષ અને કલ્યાણ થાય તે બાબત ખૂબજ મહત્વની અને અનિવાર્ય છે.દેશમાં બળિયાના બે ભાગ જેવી પરિસ્થિતિનું નિમાર્ણ ન થાય પરંતુ સામાજિક ન્યાય સાથેનો વિકાસ થાય તે મહત્વનું છે.વૈશ્વિકીકરણ અને આર્થિક ઉદારીકરણના ધસમસતા પ્રવાહમાં ખેંચાઇ રહેલો વિકાસ ભારતીય સમાજના પ્રસ્તુત પરિબળોને નજર અંદાજ કરતો ન હોવો જોઇએ.વિકાસ સમાજના શોષિત,પીડિત,વંચિત વર્ગોને પણ આવરી લેતો હોવો જોઇએ.

## (૫) સમરસતા અને સદ્ભાવના

ગ્રામીણ સમુદાયમાં પ્રવર્તતી જ્ઞાતિ,જાતિ,ધર્મ,સંપ્રદાય,ભાષા જેવી વિવિધ સંકીર્ણ અભિમુખતાઓ ત્યજીને ગામના લોકોમાં ભાવાત્મક એકતાની લાગણી પ્રવર્તે અને ઉત્કટ બને તેને સામાજિક સમરસતા કહેવાય. સમગ્ર ગામના લોકો પોતે માનસિક રીતે એક હોવાની લાગણી અનુભવે તે ગામના વિકાસ માટે અત્યંત જરૂરી છે.

સામાજિક લોકશાહીની સ્થાપનાએ રાજકીય લોકશાહીની સફળતા માટેની પૂર્વ શરત ગણાય છે.સામાજિક લોકશાહી એટલે સમાજમાં પ્રવર્તતા ઉચ્ચ-નિચના ભેદભાવો દૂર કરવા.ગામડામાં વિવિધ પ્રકારની જ્ઞાતિ અને કોમના લોકો સહવસવાટ કરતા હોય છે.તેમની વચ્ચે ભાઇચારાની લાગણી પ્રવર્તતી હોવી જોઇએ.ભારતીય ગ્રામીણ સમાજમાં વર્ણ વ્યવસ્થાના નામે થતા ભેદભાવો દૂર કરવાની તાતી જરૂરીયાત છે.સામાજિક લોકશાહીને સાચા અર્થમાં સ્થાપિત કરવા માટે દલિતો પ્રત્યે આચરવામાં આવતા ભેદભાવ,આભડછેટ કે છૂત- અછૂતના ખોટા ખ્યાલોને તિલાંજલિ આપવી જોઇએ.સમાજ માંથી અસ્પૃશ્યતાની નાબૂદી કરવી અનિવાર્ય છે.

ગામમાં ચૂંટણીઓ દરમિયાન ગામના લોકો વચ્ચે વાદ વિવાદ,જૂથ વાદ,વેર ઝેર,વૈમનસ્ય ફેલાતા હોય છે.જેના કારણે ગામમાં શાંતિ અને વિકાસનું વાતાવરણ ડહોળાય છે.ગુજરાતમાં સંમતિથી ચૂંટાતી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહિત કરવા માટે સમરસ ગામ યોજના અમલમાં છે.ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ સર્વ સંમતિથી અને કોઇ પણ જાતના વિરોધ વગર થાયતો વિકાસ માટેનું હકારાત્મક વાતાવરણ સર્જાય,ગામમાં ભાવાત્મક એકતા સ્થપાય,સંપ,સુમેળ અને સૌના સાથ સહકાર દ્વારા વિકાસના કાર્યોમાં જન ભાગીદારી વધે તેવા ઉમદા હેતુથી ગુજરાત સરકાર દ્વારા સમરસ ગામ યોજના અમલમાં મૂકવામાં આવી છે.૫૦૦૦ સુધીની વસ્તી ધરાવતા ગામની ગ્રામ પંચાયત પહેલી વખત બિન હરીફ ચૂંટાયેલ જાહેર થઇ સમરસ બને તો સામાન્ય એટલે કે જે ગ્રામ પંચાયતોમાં પુરૂષ અને મહિલા એમ બંને લિંગના સભ્યો હોય તેવી સમરસ ગ્રામ પંચાયતને ગુજરાત સરકાર દ્વારા રૂપિયા બે લાખ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવે છે.મહિલા સમરસ ગ્રામ પંચાયત હોય તો રૂપિયા ત્રણ લાખ અનુદાન આપવામાં આવે છે.મહિલા સમરસ ગ્રામ પંચાયત એટલે સરપંચ સહિત પંચાયતના તમામ સભ્યો મહિલા હોય તેવી પંચાયત.૫૦૦૧ થી ૧૫૦૦૦ સુધીની વસ્તી વાળી ગ્રામ પંચાયત પહેલી વખત બિન હરીફ ચૂંટાયેલ જાહેર થઇ સમરસ બને તો સામાન્યને રૂપિયા ત્રણ લાખ અને મહિલા સમરસ ગ્રામ પંચાયતને રૂપિયા પાંચ લાખ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવે છે.બીજી વખત અને ત્રીજી વખત સમરસ થતી ગ્રામ

પંચાયતોને અનુદાનમાં વધારો અને આધુનિક સુવિધાઓ આપવામાં આવે છે.આથી ગામના વિકાસ માટે અને ગામના હિતમાં પંચાયતની ચૂંટણીઓ પક્ષીય ધોરણે લડવાના બદલે બિન હરીફ અને સમરસ થાય તે જરૂરી છે.સમરસ ગામ પંચાયતને કારણે ગામમાં કુસંપ,જૂથ વાદ અટકશે,વિકાસના કાર્યોમાં બધા ઉત્સાહભેર ભાગ લેશે અને પ્રોત્સાહક અનુદાન અને સી.સી.રોડ,દીવા બતી જેવી સુવિધાઓથી ગામનો વિકાસ થશે.

## (૬) સેવા અને સમર્પણ

ગુજરાતી કહેવત છે કે જન સેવા એ જ પ્રભુ સેવા.ગામના દીન દુખિયાંની સેવા કરવાથી મોટો કોઇ ધર્મ નથી.માનવ ધર્મ એ જ શ્રેષ્ઠ ધર્મ છે તે સાચા અર્થમાં ચરિતાર્થ કરવાની આવશ્યકતા છે.ગામમાં આરોગ્ય અને શિક્ષણલક્ષી સેવા શરૂ કરવી જોઇએ.પોતાનું હોય અને પોતે ખાય તે પ્રકૃતિ છે,પોતાનું ન હોય અને બીજાનું છીનવી લઇને ખાય તે વિકૃતિ છે,પોતાનું હોય છતાં પોતે ભૂખ્યા રહીને બીજાને ખવડાવે તે ભારતીય સંસ્કૃતિ છે.ભારતીય ગ્રામીણ સમાજમાં ભારતીય સંસ્કૃતિ સાચા અર્થમાં ઉજાગર થવી જોઇએ.ગામના દરેક ખેડૂત પોતાના ખેતરમાંથી દર વર્ષે જે કંઇ અનાજની આવક થાય તેના દસ ટકા રાશિ ગામને સમર્પણ કરે.તેમાંથી ગામના જમીન વિહોણા ખેત મજૂરો અને જરૂરીયાત મંદ લોકોને અનાજનું દાન આપવામાં આવે.ગામના ગરીબ વર્ગને શિક્ષણ,આરોગ્ય કે લગ્ન પ્રસંગે તેમાંથી આર્થિક મદદ કરવામાં આવે.ગામમાં એક વિકાસાલય બનાવવામાં આવે,ગામના લોકોનું ત્યાં સાપ્તાહિક મિલન થાય,વિકાસ અંગે ચિંતન થાય,ગામના કેટલાક લોકોની બનેલી સમિતિ સમર્પણ રાશિનો વહીવટ કરે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે.ગામમાં સવારે પ્રભાતિયાં ગાતી ગાતી પ્રભાત ફેરી નિકળે,ગામના લોકો જાગે,પ્રભાત ફેરીને પંખીઓ માટે ચણનું દાન કરે,ગામના ચબૂતરે પક્ષીઓને ચણ નાખવામાં આવે.મંદિરમાં ઝાલર વાગે,ઘંટારવ થાય,મહિયારીઓ વલોણામાં મહી વલોવતી હોય તો ખરેખર સોનેરી સવારમાં ગ્રામ્ય સંસ્કૃતિનું મનોરમ્ય અને મંગલમય વાતાવરણ ઝળહળી ઉઠે.

ગામમાં એક સારુ પુસ્તકાલય શરૂ કરવામાં આવે,ગામના કોઇ નિવૃત શિક્ષક કે સ્નાતક વિદ્યાર્થી પુસ્તકાલયની સારસંભાળ રાખે.પુસ્તકાલયમાં દાન સ્વરૂપે પુસ્તકો મેળવી શકાય.ઉતમ પ્રકારનાં પુસ્તકોનું ગામના લોકો ફુરસદના સમયમાં વાંચન કરે તે જરૂરી છે.બાળકોમાં ઉતમ પ્રકારના ચરિત્રોનું વાંચન કરાવવાથી સંસ્કારીકરણની પ્રક્રિયા સુદ્દઢ બને છે..બાળકોમાં વાંચનની ટેવ વિકસાવવી જોઇએ.શ્રમ દાન દ્વારા પણ ગામની સેવા કરવી જોઇએ.ગામના ભૌતિક વિકાસ માટે સરકાર તરફ મીટ માંડવા કરતાં શ્રમદાન દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરી શકાય છે.ગામના વિકાસ માટે બધો જ મદાર સરકાર પર રાખવામાં આવે તે ઉચિત નથી.કેટલાક ગામમાં એવા ઉદાહરણો જોવા મળ્યા છે કે ગામની શાળાના જર્જરિત મકાનનું સમારકામ સરકાર કરે તેની રાહ જોયા વિના ગામના યુવાનો એ જ શ્રમદાન દ્વારા શાળાના ઓરડાઓનું સમારકામ અને નવા ઓરડાઓનું નિર્માણ કર્યુ હોય.

ગામના વિકાસ માટે ગામના લોકોનો ગામ પ્રત્યેનો સમર્પણ ભાવ પણ એટલી જ મહત્વની બાબત છે.ગામના વિકાસ માટે તન,મન અને ધનનું સમર્પણ કરવું જોઇએ.ગામનો ભૌતિક વિકાસ કરવા માટે સુખી સાધન લોકો દ્વારા ધનનું સમર્પણ થાય તે જરૂરી છે.ગામમાં શાળા,દવાખાનું,ગ્રામ પંચાયત માટે ટ્રેકટર,ટ્રોલી,પાંણીની ટાંકી,કોમ્યુનિટી હોલ,રમત ગમતનું મેદાન અને સાધનો,પુસ્તકાલય,વિશ્રાંતિ સ્થળ,રસ્તા,જાહેર શૌચાલયો,બગીચો,સ્મશાન ગૃહ વગેરેના નિર્માણ માટે ગામના લોકોએ આર્થિક અને શ્રમનું સમર્પણ કરવું જોઇએ.

## (૭) સંપ, સહકાર,શાંતિ અને સંવાદિતા

સંપ અને સહકારના હકારાત્મક વાતાવરણમાં જ વિકાસનો છોડ પાંગરે અને ફૂલેફાલે છે.ગામના લોકો કજિયા,કંકાસ અને કુસંપમાં જ સમય,શકિત અને સમૃધ્ધિ વેડફી નાખે તે હિતાવહ નથી.ભારતીય સમાજમાં જ્ઞાતિવાદના મૂળ ઘણાં ઉંડે સુધી પ્રસરી ગયા છે.સમાજમાં અનેક જ્ઞાતિ હોવી તે વિવિધતા છે પરંતુ તેમનામાં રહેલો વાદ એ જડતા અને કટ્ટરતા છે.જે બાબત ભારતમાં લોકશાહીકરણની પ્રક્રિયામાં અવરોધ રૂપ છે.જ્ઞાતિ કે કોમની વિવિધતામાં એકતા જળવાવી

જોઇએ.ગામને પાવન ગામ,તીર્થ ગામ કે આદર્શ ગામ બનાવવું હોય તો લોકો વચ્ચે સંપ અને સહકાર આવશ્યક છે.ગામની વિવિધ જ્ઞાતિઓ અને કોમો વચ્ચે શાંતિમય સહ અસ્તિત્વ એ વિકાસની પૂર્વ શરત છે.ગામની દરેક જ્ઞાતિ બીજી જ્ઞાતિને આદરભાવની દ્રષ્ટિએ જુએ તે જરૂરી છે.ગામમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગુનો બનેલ ન હોય તેવા ગામને પાવનગામ તરીકે પસંદ કરી ગુજરાત સરકાર દ્વારા ગામને એક લાખ રૂપિયા પુરસ્કાર આપવામાં આવે છે.છેલ્લા પાંચ વર્ષમાં એક પણ ગુનો બનેલ ન હોય તો તેવા ગામને તીર્થ ગામ જાહેર કરી સરકાર દ્વારા બે લાખ રૂપિયા પુરસ્કાર આપવામાં આવે છે.આથી દરેક ગામ પાવન ગામ,તીર્થ ગામ બનવું જોઇએ.કારણ કે તેનાથી બે ફાયદા થાય છે.એક,ગામમાં શાંતિ,સલામતિ,ભાઇચારો અને સામાજિક સદભાવ જળવાય.બીજુ,તેના માટે મળતા પુરસ્કારની રકમ માંથી વિકાસનું કોઇ કાર્ય હાથ ધરી શકાય.

## (૮) સ્વાવલંબન

ગામડું સ્વાવલંબી બનવું જોઇએ.ગામડું આત્મનિર્ભર બનવું જોઇએ.સામાન્ય અર્થમાં સ્વાવલંબન એટલે ગામના લોકોની જરૂરીયાતો ગામ માંથી જ સંતોષાય. લોકોને પોતાના ગામમાં જ અનાજ, કરિયાણું, શાકભાજી, ફળ, ઘી, દૂધ, વસ્ત્રો, આયુર્વેદિક દવાઓ, શિક્ષણ, રોજગારી વગેરે મળી રહે.આવશ્યક ચીજ વસ્તુઓ અને સેવાઓ ગામની અંદર જ સરળતાથી ઉપલબ્ધ થાય.કૃષિ અને પશુપાલન વિષયક વસ્તુઓનું ઉત્પાદન અને વિતરણ ગામમાં જ થાય.ગામનો પૈસો ગામમાં જ રહેવો જોઇએ.વર્તમાન સમસ્યા એ છે કે ગામનો પૈસો શહેર તરફ જાય છે.ગામડા કંગાળ થઇ તૂટતાં જાય છે. ગામના લોકોનું શિક્ષણ અને રોજગારી માટે ગામથી શહેર તરફ સ્થળાંતર વધતું જાય છે.શહેરીકરણના કારણે પણ ઘણી સમસ્યાઓ પેદા થઇ છે.

ભારતીય ગ્રામીણ સમુદાયો ગરીબી અને બેરોજગારીની સમસ્યાઓનો સામનો કરી રહયા છે.ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની તકો ઉભી કરવી જોઇએ.ભારતીય અર્થતંત્ર અંગેની સરકારની નીતિ અને કાર્યક્રમો બદલાવ માંગે છે.ભારતની આર્થિક નીતિમાં સર્વિસ સેકટરને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.જેમાંથી વિપુલ પ્રમાણમાં રોજગારીની તકોનું નિર્માણ કરી શકયા નથી. ગ્રામીણ ક્ષેત્રે નાના અને મધ્યમ પ્રકારના ઉધોગોને પ્રોત્સાહન આપી પ્રોડકશન અને મૅન્યૂફૅકચરીંગ પર વિશેષ ભાર આપવાથી બેરોજગારીની સમસ્યાનું કંઇક અંશે સમાધાન થઇ શકે તેમ છે.

## (૯) સશકિતકરણ

સશકિતકરણ એટલે ગામના લોકોને સર્વાંગી રીતે સામર્થ્યવાન બનાવવા.ગામના લોકો શારીરિક,માનસિક,આર્થિક,સામાજિક,રાજકીય,આધ્યાત્મિક,નૈતિક એમ તમામ ક્ષેત્રે સશકત બને તે જરૂરી છે.ગામના નબળા વર્ગો અને સ્ત્રીઓનું કલ્યાણ અને ઉત્કર્ષ થવો જોઇએ.સતા માળખા અને નિર્ણય ઘડતરની પ્રક્રિયામાં નબળા વર્ગો અને સ્ત્રીઓની ભાગીદારી સાચા અર્થમાં વધવી જોઇએ.ગ્રામીણ સમાજમાં નારી સશકિતકરણ પર ભાર આપવાની વિશેષ જરૂર છે.કન્યા કેળવણીને પ્રોત્સાહન આપી સ્ત્રી સશકિતકરણની દિશામાં નકકર કદમ ઉઠાવવા જોઇએ.

## (૧૦) સાનુકૂળ અને સંરક્ષિત પર્યાવરણ

ગામના આર્થિક વિકાસનો મુખ્ય આધાર કુદરતી સંપતિ છે.કુદરતી સંપતિના દોહન થકી નહીં પરંતુ પ્રકૃતિ અને કુદરતી સંસાધનોના સંરક્ષણ અને સંવર્ધનથી જ લાંબા ગાળાનો સાતત્ય પૂર્ણ વિકાસ સંભવી શકે તેમ છે.આજે વિશ્વ સમક્ષ પર્યાવરણની ગંભીર સમસ્યા પેદા થઇ છે.પર્યાવરણ પ્રત્યે સહેજ પણ દુર્લક્ષ સેવ્યું તો તેના માઠા પરિણામો ભોગવવા પડશે.પર્યાવરણની જાળવણી માટે ગામમાં વૃક્ષોનું પ્રમાણ વધારવું પડશે.ગામની ફરતે સરસ મજાની વનરાજી હોય તો વાતાવરણ આહ્લાદક બનશે.વૃક્ષોનું વધુ વાવેતર,ઉછેર અને માવજત કરવાથી પર્યાવરણીય સંતુલન જળવાશે અને નિયમિત પૂરતા પ્રમાણમાં વરસાદ પડવાથી પાણીની સમસ્યા હલ થશે.ગામની પડતર જમીનમાં ફળાઉ ઝાડ ઉગાડવા જોઇએ.ખેતી માટે પણ જૈવિક ખાતરનો ઉપયોગ કરવો જોઇએ.ગામમાં વીજળી માટે સૌર ઉર્જાનો ઉપયોગ કરવો જોઇએ.ગામમાંથી પ્લાસ્ટિકના વપરાશને તિલાંજલિ આપવી જોઇએ.પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ અત્યારે શહેરો અને

**ગામડાંમાં સમજણના અભાવે પુષ્કળ પ્રમાણમાં થઇ રહયો છે.જે બાબત જમીન અને પર્યાવરણ માટે અતિગંભીર છે.ગાય ભારતીય સંસ્કૃતિમાં પવિત્ર અને શ્રદ્ધાનું કેન્દ્ર માની માતાનું સ્થાન આપવામાં આવ્યું છે પરંતુ ગૌ માતાઓ પ્લાસ્ટિકના ડૂચા ખાઇને પોતાનું જીવન ટૂંકાવી રહી છે તે બાબત શરમજનક છે.જળ,જમીન અને જંગલોનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં જ સમાજનું હિત છે.**

**આથી કહી શકાય કે સામાજિક વિકાસ એટલે વિશેષતા, કાર્યક્ષમતા, કાર્યનિષ્ઠા, સુલેહ, શાંતિ, સંપ, સહકાર, સ્વાસ્થ્ય, શિક્ષણ, સંસ્કાર, સ્વચ્છતા, સમરસતા, સાદગી, સદ્ભાવના, સમાનતા, સ્નેહ, સમર્પણ અને સશકિતકરણ. આમ,ગ્રામીણ સમુદાયનો ભૌતિક, આર્થિક, સામાજિક એમ સર્વાંગી વિકાસ થવો જોઇએ. રાજકીય, આર્થિક અને સામાજિક વિકાસ પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે.આર્થિક વિકાસ વિના સામાજિક વિકાસ અને સામાજિક વિકાસ વિના આર્થિક વિકાસ અને બંને વિના રાજકીય વિકાસ અધૂરો અને અપૂર્ણ ગણાય છે. સરકાર અને સમાજના સહિયારા પુરૂષાર્થ અને દ્દઢ ઈચ્છા શકિત થકી જ વિકાસને ઝડપી,સર્વાંગી, સર્વ સમાવેશક, સમતોલ અને સાતત્યપૂર્ણ બનાવી શકાય તેમ છે.**

**સંદર્ભ**

**૧. ગાંધીજી, મોહનદાસ કરમચંદ (૨૦૦૨). ‘હિંદ સ્વરાજ’, નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ.**

**૨. ગાંધીજી, (સંકલન) (૧૯૫૯). પ્રભુ આર.કે.,‘પંચાયતરાજ’,નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ**

**૩. વૈષ્ણવ, બિપીનચંદ્ર (સંપાદક) (૨૦૦૦).‘ગ્રામમિત્ર સહાયક (ગોકુળ ગ્રામ અને અન્ય સહકારી યોજનાઓ)’, નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ.**

૪. Jan, Nederveen Pieterse (2010). 'Development Theory", Second Edition, SAGE Publications Ltd., London, E-Book < http://books.google.co.in >

૫. Kalam, A.P.J. (2002). Abdul with Rajan Y.S., 'INDIA 2020 **A** Vision for the New Millennium", Penguin Books India Pvt Ltd, New Delhi.

૬. Sen, Amartya,'Development: Which Way Now?", Economic Journal, Royal Economic Society ,Vol.93 Issue 372 .pp.745-762 ,December 1983

૭. United Nations Development Programme,'Human Development Report (2014)", New York City, July 24, 2014

૮. United Nations Development Programme, New York City. www.undp.org/content/undp/en/home